[૨૦]

**પ્ર. ૧ (અ) સામાયિક–પ્રતિક્રમણના આધારે.... (૧૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. સંથારો ક્યારે કરવામાં આવે છે?

**જ. જ્યારે શરીર ધર્મ આરાધના કરવા માટે સક્ષમ ન હોય, શક્તિઓ ક્ષીણ થઈ ગઈ હોય, શરીરમાં અસાધ્ય રોગ થયો હોય કે મારણાંતિક ઉપસર્ગ આવે ત્યારે અનસન કરવામાં આવે છે.**

૨. દશમું વ્રત સંક્ષેપમાં કેવી રીતે કરાય? માત્ર નામ લખો.

**જ. દશમું વ્રત સંક્ષેપમાં ૧૪ નિયમોથી કરવામાં આવે છે–૧) સચેત ૨) દ્રવ્ય ૩) વિગય ૪) સ્નાન ૫) પગરખા ૬) દિશા ૭) શયન ૮) બ્રહ્મચર્ય ૯) કુસુમ ૧૦) વિલેપન ૧૧) વાહન ૧૨) વસ્ત્ર ૧૩) ભોજન ૧૪) મુખવાસ**

૩. શ્રાવક ત્રસ જીવની હિંસાનો ત્યાગ કેમ કરે છે?

**જ. શ્રાવકને પૃથ્વી આદિ ૫ સ્થાવર જીવોની હિંસાનો ત્યાગ કરવાની ઈચ્છા હોવા છતાં પણ તે હિંસા સંપૂર્ણ છોડી શક્તો નથી. જ્યારે ત્રસ જીવોમાં સ્થાવર જીવો કરતા ઈન્દ્રિય, યોગ, પ્રાણ વધારે હોય છે તેથી તેને મારવાથી દુ:ખ વધુ થાય છે. તેથી તેમની હિંસાથી વધુ પાપ લાગે છે.**

૪. રાયહાણી, પુરપાટણ, ખેડ અને કૌટુંબિય એટલે શું?

**જ. રાયહાણી–રાજધાની, જ્યાં રાજા સ્વયં રહેતો હોય, પુરપાટણ–વેપાર, વાણિજ્યનું મોટું સ્થાન, જ્યાં ચારે દિશાથી વેપારી આવે તે. ખેડ–ધૂળ/માટીના ઢગલાથી ઘેરાયેલું ગામ. કૌટુંબિય–કુટુંબના અગ્રેસર.**

૫. ક્યા પાઠમાં આવે છે? જાડી – **બીજા ખામણામાં,** ફોડી – **સાતમા વ્રતમાં,**
છોડી – **ત્રીજા વ્રતમાં,** મંડી – **બીજા શ્રમણસૂત્રમાં**

**(આ) આવશ્યક સૂત્ર પ્રમાણે.... (૧૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

૧. સમય શબ્દ કોના માટે વપરાય છે?

**જ. સમય શબ્દ આત્મા માટે વપરાય છે.**

૨. અધિકારીની અપેક્ષાએ સામાયિકના પ્રકાર લખો.

**જ. અધિકારીની અપેક્ષાએ સામાયિકના પ્રકાર–૧) સમ્યક્ત્વ ૨) શ્રુત ૩) ચારિત્ર.**

૩. સામાયિક શેનો સેતુ છે?

**જ. સામાયિક સ્વરક્ષાથી સર્વરક્ષા સુધી પહોંચાડનારો સેતુ છે.**

૪. પ્રત્યાખ્યાન આવશ્યકની ઝાંખી શેમાં થાય છે?

**જ. સાવજ્જં જોગં પચ્ચક્ખામિમાં પ્રત્યાખ્યાન આવશ્યકની ઝાંખી થાય છે.**

૫. વંદના કરવાથી શેની પ્રાપ્તિ થાય છે?

**જ. વંદના કરવાથી સૌભાગ્ય અને આજ્ઞાફળની પ્રાપ્તિ થાય છે.**

૬. બીજા આવશ્યકની આરાધનાથી શું થાય છે?

**જ. બીજા આવશ્યકની આરાધનાથી સમ્યગ્દર્શનની વિશુદ્ધિ થાય છે.**

૭. સાધક સાધના માર્ગે પુરુષાર્થ કેવી રીતે કરે છે?

**જ. સાધક પોતાના લક્ષ્યભૂત પૂર્ણ જ્ઞાની, તીર્થંકર પરમાત્માને અંતર પટ પર સ્થાપિત કરીને સાધના માર્ગે પુરુષાર્થ કરે છે.**

૮. સામાયિક કરવાથી શેનો વિકાસ થાય છે?

**જ. સામાયિક કરવાથી આત્મગુણોનો વિકાસ થાય છે.**

૯. શ્રુતજ્ઞાન શા માટે જરૂરી છે?

**જ. આચરણની શુદ્ધિ માટે, ચારિત્રના પાલન માટે શ્રુતજ્ઞાન જરૂરી છે.**

૧૦. સામાયિક શેનું સાધન છે?

**જ. સાધક જીવનની અત્યંત ઉપયોગી સાધના સામાયિક છે.**

**(૨૦)**

**પ્ર. ૨ (અ) ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. જાગૃત રહેવાનું આઠમું સ્થાન લખો.

**જ. સાધર્મિકોમાં પરસ્પર કલહ ઉત્પન્ન થાય તો મારા સાધર્મિક કઈ રીતે કષાયયુક્ત બોલચાલથી, કલહથી, તું તું અને હું, તું ના વાક્યુદ્ધથી મુક્ત થાય એવો વિચાર કરીને, કોઇપણ પ્રકારની આકાંક્ષા કે અપેક્ષાથી રહિત થઈ, કોઇનો પણ પક્ષ લીધા વિના માધ્યસ્થ ભાવને સ્વીકારી તે કલહને ઉપશાંત કરવા ઉદ્યમવંત બનવું.**

૨. અર્થ લખો – પ્રાગ્ભાર ગતિ – **નૌકામાં ભરેલા ભારથી નીચેની તરફ ગતિ થાય તેમાં બીજા દ્રવ્યના ભારથી જે ગતિ થાય તેને પ્રાગ્ભાર ગતિ કહે છે.** ગતિ બંધન પરિણામ – **આગામી ભવની નિશ્ચિત ગતિને યોગ્ય કર્મ બંધ કરાવવાનો આયુષ્યનો સ્વભાવ. જેમ નરકાયુના સ્વભાવથી જ નારકી, મનુષ્ય અને તિર્યંચ ગતિ નામ કર્મનો બંધ કરે છે કારણ કે નારકો મરીને નરક કે દેવગતિમાં જતા નથી.**

૩. સાધકે નિરોગી રહેવા શું કરવું જોઈએ?

**જ. સાધકે નિરોગી રહેવા માટે આહાર–પાણીમાં નિયમિતતા ને સંયમ રાખવો. બેસવાની, સૂવાની, ચાલવાની આદિ શારીરિક પ્રવૃત્તિઓ વિવેકપૂર્વક કરવી, મળ–મૂત્ર આદિ કુદરતી હાજતોને રોકવી નહિ, પાંચે ઈન્દ્રિયોના વિષયોમાંથી કોઇપણ વિષયમાં અંધ થવું નહિ.**

૪. શરીર સંપદા અને વાચના સંપદા એટલે શું? તેનું વર્ણન ક્યા સૂત્રમાં છે?

**જ. શરીર સંપદા–શારીરિક સૌંદર્ય. એકપણ અંગ લજ્જાસ્પદ ન હોય, જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિય પૂર્ણ હોય, સંહનન સ્થિર હોય, શરીર સ્વસ્થ હોય. વાચના સંપદા–શિષ્યોને મનોવૈજ્ઞાનિક પદ્ધતિથી શાસ્ત્રો ભણાવવામાં કુશળ હોય, ક્યા શિષ્યને કેટલું, કેવું અને ક્યારે અધ્યયન કરાવવું ઉચિત છે, આ સર્વ વાતો જાણતા હોય. તેનું વર્ણન દશાશ્રુતસ્કંધ સૂત્રમાં છે.**

૫. અરૂપી અસ્તિકાયના મધ્યપ્રદેશ ક્યાં છે?

**જ. અરૂપી દ્રવ્યોના અસંખ્ય પ્રદેશોમાં મધ્યભાગના ૮ પ્રદેશને રુચક પ્રદેશ કહે છે. જીવના રુચક પ્રદેશમાં સંકોચ વિસ્તાર થતો નથી. ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય મધ્યભાગ રત્નપ્રભા પૃથ્વીના આકાશખંડના અસં. મા ભાગનું ઉલ્લઘંન કર્યા પછી આવે છે.**

**(આ) સૂયગડાંગ સૂત્રના આધારે.... (૧૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

૧. નવમા અધ્યયનનું નામ શું છે? તેના ભેદ લખો.

**જ. નવમા અધ્યયનનું નામ ધર્મ છે. તેના બે ભેદ–દ્રવ્ય ધર્મ અને ભાવ ધર્મ.**

૨. અશરણભૂત શું છે?

**જ. અશરણભૂત અનુકૂળ સ્વજનો કે પોતે ભેગી કરેલી સંપત્તિ છે.**

૩. સાધક ભવભ્રમણ કેવી રીતે ઘટાડે છે?

**જ. કષાયોની ઉપશાંતિથી સાધક ભવભ્રમણ ઘટાડે છે.**

૪. આધ્યાત્મિક વીર્ય કોને કહે છે?

**જ. આત્માની આંતરિક શક્તિ કે સાત્ત્વિક બળને આધ્યાત્મિક વીર્ય કહે છે.**

૫. સાધુ બીજા મહાવ્રતનું પાલન કરવા કેવી ભાષા બોલે?

**જ. સાધુ બીજા મહાવ્રતનું પાલન કરવા હિત, મિત અને પરિમિત ભાષા બોલે.**

૬. કર્મબંધનું મુખ્ય કારણ શું છે?

**જ. કર્મબંધનું મુખ્ય કારણ આત્મભાવોનું વિસ્મરણ છે.**

૭. આત્મધર્મમાં સ્થિર રહેવા માટે શેનું વર્ણન કર્યું છે?

**જ. આત્મધર્મમાં સ્થિર રહેવા માટે મુખ્ય કારણરૂપ સંયમ ધર્મ અને સંયમાચારનું વિસ્તૃત વર્ણન કર્યું છે.**

૮. સાધુ ગૃહસ્થની પ્રશંસા કેમ કરે છે?

**જ. રસનેન્દ્રિયના પોષણ માટે આહારની આસક્તિથી દીન બનીને ભાટચારણની જેમ સાધુ ગૃહસ્થની પ્રશંસા કરે છે.**

૯. પોતાના ભવિષ્યને અંધકારમય કોણ બનાવે છે?

**જ. જેઓ સ્વર્ગના સુખ કે મોક્ષ માટે હિંસક પ્રવૃત્તિ કરે છે, તેઓ પોતાના અજ્ઞાનનું જ પોષણ કરે છે તેઓની ભ્રાંતિ તેમના ભવિષ્યને અંધકારમય બનાવે છે.**

૧૦. સુશીલ શેની સાધના કરે છે?

**જ. સુશીલ સર્વત્ર સમાધિભાવ અને સમાધિ મરણની સાધના કરે છે.**

(૨૦)

**પ્ર. ૩ (અ) ઉપાસક દશાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. આનંદ શ્રાવકે કેટલા વ્રત લીધા હતા? તેનાથી શેની જાણકારી મળે છે?

**જ. આનંદ શ્રાવકે ૧૨ વ્રત ધારણ કરતી વખતે ખાદ્ય, પેય, ભોગ–ઉપભોગ વગેરેની જે મર્યાદા કરી, તેનાથી તે સમયની રહેણી–કરણી જાણી શકાય છે તેમ જ ખાન–પાન સહજ, સરળ અને પથ્યકારી હોવાની જાણકારી મળે છે.**

૨. આ અધ્યયનમાં શ્રમણ અને શ્રમણોપાસક વચ્ચે શું ફરક બતાવ્યો છે?

**જ. શ્રમણ શબ્દ સર્વ ત્યાગી સંયમીના અર્થમાં પ્રયુક્ત છે. તેમની વ્રત આરાધનામાં વિકલ્પને કોઇ સ્થાન હોતું નથી. તેઓ સર્વ સાવદ્ય પ્રવૃત્તિઓનો ત્રિકરણ–ત્રિયોગે જીવન પર્યંત ત્યાગ કરે છે. મહાવ્રતોની સાધનાની અપેક્ષાએ જેમાં સાધક પોતાની શક્તિ પ્રમાણે, મર્યાદા પ્રમાણે વ્રત સ્વીકારે છે તે શ્રમણોપાસક છે.**

૩. સાલિહીપિતા અને કુંડકૌલિક શ્રાવકની નગરી, ઉદ્યાનના નામ અને ઉપસર્ગ કોનો આવ્યો? ચલિત થયા કે નહિ? ક્યાં ઉત્પન્ન થયા?

**જ. સાલિહીપિતા – નગરી–શ્રાવસ્તી, ઉદ્યાન–કોષ્ટક, ઉપસર્ગ–નથી, પ્રથમ દેવલોક અરુણકીલ વિમાનમાં.**
**કુંડકૌલિક – નગરી–કાંપિલપુર, ઉદ્યાન–સહસ્રામ્ર, ઉપસર્ગ–નથી, પ્રથમ દેવલોક અરુણધ્વજ વિમાનમાં.**

૪. સકડાલપુત્ર શ્રાવક અને ચુલનીપિતા શ્રાવકના જીવનમાં શું વિશિષ્ટ ઘટના બની હતી?

**જ. સકડાલપુત્ર–ગોશાલકના નિયતિવાદની શ્રદ્ધા ધરાવનાર પરંતુ પ્રભુના સમાગમે સદ્‌બોધની પ્રાપ્તિ. આરાધના સમયે દેવ દ્વારા ત્રણ પુત્રવધ, અંતે પત્નીવધની ધમકીથી વ્રતભંગ. પત્નીની પ્રેરણાથી પ્રાયશ્ચિત્ત સ્વીકાર. ચુલનીપિતા– દેવ દ્વારા ૩ પુત્રવધ, અંતે માતૃવધની ધમકીથી વ્રતભંગ માતાની પ્રેરણાથી પ્રાયશ્ચિત્ત સ્વીકાર.**

૫. સુરાદેવ અને મહાશતક શ્રાવક પાસે કેટલી સંપત્તિ અને કેટલું ગોધન હતું? તેમની પત્નીના નામ શું હતા?

**જ. સુરાદેવ–૧૮ ક્રોડ સુવર્ણમુદ્રા, છ ગોકુળ, પત્ની–ધન્યા. મહાશતક–૨૪ ક્રોડ કાંસ્યપાત્ર પરિમિત સુવર્ણમુદ્રા આઠ ગોકુળ, રેવતી પ્રમુખ ૧૩ પત્ની.**

**(આ) સુખ વિપાક સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. વર્તમાને જે મોક્ષમાં છે તે અધ્યયનના નામ લખી પત્ની–પૂર્વભવ–આહારદાન કોને આપ્યું? (૬)

| જ. અધ્યયનના નામ | પત્ની | પૂર્વભવ | આહારદાન |
|---|---|---|---|
| સુવાસવકુમાર | ભદ્રા પ્રમુખ ૫૦૦ રાજકન્યા | ધનપાલ રાજા | વૈશ્રમણભદ્ર અણગાર |
| જિનદાસકુમાર | – | મેઘરથ રાજા | સુધર્મા અણગાર |
| ધનપતિકુમાર | શ્રીદેવી પ્રમુખ ૫૦૦ રાજકન્યા | મિત્રનામક રાજા | સંભૂતિવિજય અણગાર |
| મહાબલકુમાર | રક્તવતી પ્રમુખ ૫૦૦ રાજકન્યા | નાગદત્ત ગૃહપતિ | ઈન્દ્રદત્ત અણગાર |
| ભદ્રનંદીકુમાર | શ્રીદેવી પ્રમુખ ૫૦૦ રાજકન્યા | ધર્મઘોષ ગાથાપતિ | ધર્મસિંહ અણગાર |
| મહાચંદ્રકુમાર | શ્રીકાંતા પ્રમુખ ૫૦૦ રાજકન્યા | જિતશત્રુ રાજા | ધર્મવીર્ય અણગાર |

૨. પંદર ભવે મોક્ષે જવાના છે તે અધ્યયનના નામ લખી નગરી–માતા–પિતાના નામ લખો. (૪)

| જ. અધ્યયનના નામ | નગરી | માતા | પિતા |
|---|---|---|---|
| સુબાહુકુમાર | હસ્તિશીર્ષ | ધારિણી દેવી | અદીનપુત્ર રાજા |
| ભદ્રનંદીકુમાર | ઋષભપુર | સરસ્વતી દેવી | ધનાવહ રાજા |
| સુજાતકુમાર | વીરપુર | શ્રીદેવી | વીરકૃષ્ણપુત્ર રાજા |
| વરદત્તકુમાર | સાકેત | શ્રીકાંતા દેવી | મિત્રનંદી રાજા |

(૨૦)

**પ્ર. ૪ ઉત્તરાધ્યયન સૂત્રના આધારે જવાબ લખો.**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.** **(૧૫)**

૧. એહિ **તા ભુંજિમો ભોએ, માણુસ્સં ખુ સુદુલ્લહં ।**
**ભુત્તભોગી તઓ પચ્છા, જિણમગ્ગં** ચરિસ્સામો ॥
**અર્થ : તમે અહીં આવો, મનુષ્ય જન્મ મળવો ખરેખર દુર્લભ છે, માટે આપણે બંને ભોગ ભોગવીએ. ભોગ ભોગવ્યા પછી જિનમાર્ગને–ચારિત્રધર્મને ફરીથી અનુસરીશું.**

૨. વાસુદેવો **ય ણં ભણઈ, લુત્તકેસં જિઈન્દિયં ।**
**ઈચ્છિયમણોરહં તુરિયં, પાવસુ તં** દમીસરા ॥
**અર્થ : લુંચિત કેશયુક્ત જિતેન્દ્રિય ભગવાનને વાસુદેવ વગેરે કહેવા લાગ્યા કે હે દમીશ્વર પ્રભુ ! આપ શીઘ્ર ઈચ્છિત મનોરથને પ્રાપ્ત કરો.**

૩. મણગુત્તો **વયગુત્તો, કાયગુત્તો જિઈન્દિઓ ।**
**સામણ્ણં નિચ્ચલં ફાસે, જાવજ્જીવં** દઢવ્વઓ ॥
**અર્થ : રહનેમિ મન, વચન, કાયાથી ગુપ્ત, જિતેન્દ્રિય અને નિશ્ચલતાથી દઢવ્રતી થયા. તેમણે જીવન પર્યંત્ નિશ્ચલભાવથી શ્રમણધર્મ પાળ્યો.**

૪. **જઈ મજ્ઝ કારણા એએ, હમ્મન્તિ સુબહૂ જિયા ।**
**ન મે અયં તુ નિસ્સેસં, પરલોગે** ભવિસ્સઈ ॥
**અર્થ : જો મારા કારણથી એ ઘણા જીવો હણાશે તો આ કાર્યથી પરલોકમાં મારું કલ્યાણ થશે નહિ.**

૫. મત્તં **ચ ગન્ધહત્થિં, વાસુદેવસ્સ જેટ્ઠગં ।**
**આરૂઢો સોહએ અહિયં, સિરે ચૂડામણી** જહા ॥
**અર્થ : જેમ માથા ઉપર ચૂડામણિ–મુકુટ શોભે છે, તેમ વાસુદેવના સૌથી મોટા મદયુક્ત અને સર્વશ્રેષ્ઠ ગંધ–હસ્તી ઉપર ચઢેલા નેમિકુમાર અત્યંત શોભિત લાગે છે.**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.** **(૫)**

| | જવાબ |
|---|---|
| ૧. ભગવાને કેટલા પુરુષ સાથે ક્યારે દીક્ષા લીધી? | **૧૦૦૦ પુરુષ, ચિત્રા નક્ષત્રના યોગમાં** |
| ૨. રાજેમતીના શરીરની પ્રભા કેવી હતી? | **ચમકતી વીજળી સમાન** |
| ૩. નેમિકુમારે સારથીને શું આપ્યું? | **કુંડલની જોડી, કંદોરો, બધા આભરણો** |
| ૪. રહનેમિનું ચિત્ત અને શેનાથી પરાજિત થયા? | **ભગ્નચિત્ત, સ્ત્રી પરિષહ** |
| ૫. કૃષ્ણ વાસુદેવે રાજેમતિને શું કહ્યું? | **તું આ દુઃસાર ઘોર સંસારસમુદ્રને જલદીથી તરી જા** |

(૨૦)

**પ્ર. ૫ ભગવતી સૂત્રના આધારે....** **(૧૦)**

**(અ) (૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૬)**

૧. નરદેવનું જઘન્ય અંતર કેટલું છે? શા માટે?

**જ. નરદેવનું જઘન્ય અંતર એક સાગરોપમ ઝાઝેરું. ચક્રવર્તી મરીને પ્રથમ નરકમાં ૧ સાગરોપમની સ્થિતિએ**

**ઉત્પન્ન થાય, ત્યાંથી પુન: ચક્રવર્તીપણે ઉત્પન્ન થાય પરંતુ ચક્રરત્ન ઉત્પન્ન થાય ત્યારે જ ચક્રવર્તી કહેવાય છે. ચક્રરત્ન ઉત્પન્ન ન થાય ત્યાં સુધીના કાળને અંતરમાં ગણતા કંઈક અધિક એક સાગરોપમ થાય છે.**

૨. ભાવ દેવમાં વૈક્રિયરૂપ કોણ ન કરે? ભાવ દેવની અવગાહના, સંચિટ્ઠણા અને ચવણ સમજણ સાથે લખો.

**જ. ભાવ દેવમાં વૈક્રિયરૂપ નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાનના દેવો ન કરે. અવગાહના–જ. એક હાથ ઉ. સાત હાથ, સંચિટ્ઠણા–જ. ૧૦૦૦૦ વર્ષ ઉ. ૩૩ સાગરોપમ, ચવણ–૪૬ ભેદ ૧૫ કર્મભૂમિ, ૫ સંજ્ઞી તિ., બાદર પૃથ્વી, પાણી, વનસ્પતિ એ ૨૩ ના અપર્યા. અને પર્યા. દેવ મરીને નરક કે દેવલોકમાં જતા નથી. દેવ મરીને મનુષ્ય અને તિર્યંચ ગતિ પામે છે.**

૩. દેવાધિદેવના પહેલા ચાર ગુણના માત્ર નામ લખો અને ૫ પરથી આવતી નિધિ લખો.

**જ. દેવાધિદેવના પહેલા ચાર ગુણના નામ–૧) અશોકવૃક્ષ ૨) દિવ્ય પુષ્પોની વૃષ્ટિ ૩) દિવ્ય ધ્વનિ ૪) ચામર વીંઝાય. ૫ પરથી આવતી નિધિના નામ–પાંડુક નિધિ–ધાન્ય અને ફળ, પિંગલ નિધિ–મનુષ્ય અને પશુના આભૂષણો.**

**(૨) માત્ર સંખ્યા લખો.** **(૪)**

| | | | |
|---|---|---|---|
| ૧) મહામંત્રી | **૧૪૦૦૦** | ૨) ધર્મદેવના ગુણ | **૨૭** |
| ૩) દ્વીપ | **૧૬૦૦૦** | ૪) ભવિય દ્રવ્ય દેવની આગત | **૨૮૪** |
| ૫) ધાતકીખંડમાં દેવાધિદેવ | **૬૮** | ૬) દેવાધિદેવના ૧૮ દોષમાં કેટલા પાપસ્થાનક | **૮** |
| ૭) દેવાધિદેવનું જ. અંતર | **નથી** | ૮) નર દેવની ઉત્કૃષ્ટ સ્થિતિ | **૮૪ લાખ પૂર્વ વર્ષ** |

**(આ) માર્ગણા સમજણ સહિત લખો. (કોઠો બનાવીને લખો.)** **(૧૦)**

**જ.**

| માર્ગણા | ના | તિ. | મનુ. | દેવ | સમજૂતી | કુલ ભેદ |
|---|---|---|---|---|---|---|
| ૧. તિર્ચ્છાલોક કૃષ્ણલેશી સમ્યગ્દૃષ્ટિમાં | ૦ | ૧૮ | ૯૦ | ૫૨ | ૩ વિકલેન્દ્રિય, ૫ અસંજ્ઞી તિ. પંચે. ના અપર્યા. ૫ સંજ્ઞી તિ. પંચે. ના અપર્યા. પર્યા. એ ૧૮, ૧૫ કર્મભૂમિ, ૩૦ અકર્મભૂમિ એ ૪૫ ના અપર્યા. પર્યા. એ ૯૦, ૨૬ વાણવ્યંતરના અપર્યા. પર્યા. ૫૨ | ૧૬૦ |
| ૨. તિર્ચ્છાલોક કૃષ્ણલેશી નોગર્ભજમાં | ૦ | ૩૮ | ૧૦૧ | ૫૨ | ૪૮ માંથી ૧૦ સંજ્ઞીના વર્જીને, ૧૦૧ સંમૂર્ચ્છિમ મનુષ્યના અપર્યા., ૨૬ વાણવ્યંતરના અપર્યા. પર્યા. ૫૨ | ૧૯૧ |
| ૩. તિર્ચ્છાલોક વચનયોગીમાં | ૦ | ૧૩ | ૧૦૧ | ૩૬ | ૩ વિકલેન્દ્રિય, ૫ અસંજ્ઞી તિર્યંચ પંચે., ૫ સંજ્ઞી તિર્યંચ પંચે., ૧૦૧ સંજ્ઞી મનુષ્ય, ૨૬ વાણવ્યંતર, ૧૦ જ્યોતિષી એ ૧૫૦ ના પર્યા. | ૧૫૦ |
| ૪. તિર્ચ્છાલોક નોગર્ભજ કૃષ્ણલેશી ત્રસમાં | ૦ | ૧૬ | ૧૦૧ | ૫૨ | ૬ વિકલેન્દ્રિય, ૧૦ અસંજ્ઞી તિ. પંચે., ૧૦૧ સંમૂર્ચ્છિમ મનુષ્યના અપર્યા., ૨૬ વાણવ્યંતરના અપર્યા. પર્યા. ૫૨ | ૧૬૯ |
| ૫. તિર્ચ્છાલોક સમુચ્ચય નપુંસક વેદમાં | ૦ | ૪૮ | ૧૩૧ | ૦ | ૪૮ તિર્યંચના, ૧૦૧ સંમૂર્ચ્છિમ મનુષ્યના અપર્યા., ૧૫ કર્મભૂમિના અપર્યા. પર્યા. | ૧૭૯ |

**જય જિનેન્દ્ર**